# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 19-11-2024** **Morning : 7.10 to 7.20**

**Day: TUESDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ-વડોદરા પ્રાદેશિક સમાચાર **રિદ્ધિ ઉંધાડ** વાંચે છે.

---

1) કેન્દ્રીય ગૃહમંત્રી આજે ગાંધીનગર ખાતે ટપાલ વિભાગના ફિલાવિસ્ટા અને અખિલ ભારતીય પોલીસ વિજ્ઞાન સંમેલનનું ઉદઘાટન કરશે
2) રાષ્ટ્રીય સહકાર સપ્તાહ અંતર્ગત રાજ્યના 48 લાખથી વધુ ખેડૂતોને 3 હજાર 56 કરોડ રૂપિયાથી વધુની સહાય ચુકવવામાં આવી.
3) ભરૂચના જંબુસરમાં ગંભીર માર્ગ અકસ્માતમાં 5ના મોત.
4) પાટણના ધારપુર મેડિકલ કોલેજમાં રેગિંગને કારણે વિદ્યાર્થીના મોતની ઘટનામાં 15 વિદ્યાર્થી સસ્પેન્ડ
5) અને પૂર્વ કચ્છમાં વાગડના મોડી રાતે 4 ની તીવ્રતાનો ભૂકંપનો આંચકો અનુભવાયો

-----------------------------------------------------------------------------------------

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સમાચાર પૂરા થયા )

# AMIT SHAH GUJARAT DAY 2

કેન્દ્રીય ગૃહ અને સહકારિતા મંત્રી અમિત શાહ ગુજરાતની મુલાકાતે છે. શ્રી શાહ આજે ગાંધીનગરમાં મહાત્મા મંદિર ખાતે ટપાલ ટિકિટના પ્રદર્શન ફિલાવિસ્ટા 2024નું ઉદ્ઘઘટન કરશે. ગાંધીનગર ટપાલ વિભાગ દ્વારા દાંડી કૂટિર ખાતે યોજાયેલ આ પ્રદર્શનનો ઉદ્દેશ ટપાલ ટિકિટો, ટપાલ ઇતિહાસ અને સંબંધિત વસ્તુઓના અભ્યાસ અને સંગ્રહને પ્રોત્સાહિત કરવાનો છે.

શ્રી શાહ ગાંધીનગરના લવાડ ખાતે રાષ્ટ્રીય રક્ષા યુનિવર્સિટીના 50માં અખિલ ભારતીય પોલીસ વિજ્ઞાન અધિવેશનમાં ઉપસ્થિત રહેશે. બપોરે તેઓ સાંબરકાંઠાના હિમ્મતનગરમાં આવેલ સાબર ડેરીના નવા અત્યાધુનિક પશુ આહાર એકમનું ઉદ્ઘાટન કરશે. સાંજે તેઓ અમદાવાદના શેલા વિસ્તારમાં નવીનીકરણ કરાયેલા શેલા ગામ તળાવનું લોકાર્પણ કરશે.

---------------------------------------------------------------------

- રીપીટ

# RAKSHA SHAKTI UNI.

અખિલ ભારતીય પોલીસ વિજ્ઞાન સંમેલનની ઐતિહાસિક સુવર્ણ જયંતીની ઉજવણી માટે પોલીસ સંશોધન અને વિકાસ બ્યુરો સુઆયોજીત રીતે સજ્જ છે. ગાંધીનગર સ્થિત રાષ્ટ્રીય રક્ષા યુનિવર્સિટી ખાતે આજથી બે દિવસીય 50મું અખિલ ભારતીય પોલીસ વિજ્ઞાન સંમેલન યોજાઇ રહ્યું છે.

આજે આ સંમેલનનું ઉદઘાટન કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ કરશે. સુરક્ષા અને કાયદાના અમલીકરણ માટે સમર્પિત રાષ્ટ્રની મહત્વની સંસ્થા એવી રાષ્ટ્રીય રક્ષા યુનિવર્સિટી પ્રથમ વખત આ સંમેલનનું આયોજન કરી રહી છે. રાજ્યના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની ઉપસ્થિતિમાં યોજાનારા આ સંમેલનમાં પોલીસ વિજ્ઞાન પ્રદર્શન પણ યોજાશે.. જેમા સમગ્ર ભારતના ઉદ્યોગો પોલીસ અને સુરક્ષા જરૂરિયાતો માટે નવીનતમ તકનીકી પ્રદર્શિત કરશે.

આ પરિષદ દરમિયાન નવા ફોજદારી કાયદામાં ફોરેન્સિક અને ટેકનોલોજીનો ઉપયોગ, કૃત્રિમ બુધ્ધિમત્તાનો ઉપયોગ, આપત્તિ જોખમ ઘટાડવામાં પોલીસની ભૂમિકા, પોલીસિંગમાં બ્લોકચેન ટેકનોલોજીનું ભવિષ્ય, સાયબર ફ્રોડ અને વે ફોરવર્ડમાં મની ટ્રેઇલને ટ્રેસ કરવાના પડકાર, આદિવાસી અને સરહદી વિસ્તારોમાં સામુદાયિક પોલીસીંગ, જેલમાં કટ્ટરવાદ જેવા મુદ્દાઓની ચર્ચા કરવામા આવશે.

આ પરિષદમાં કેન્દ્રીય અને રાજ્ય પોલીસ દળો, જેલ અને સુધારણા લક્ષી સેવાઓ, સામાજીક વૈજ્ઞાનિકો, ફોરેન્સિક નિષ્ણાતો, વિદ્વાનો અને અન્ય હિતધારકો સહિતના 250 જેટલા સહભાગીઓ ભાગ લેશે તેવી માહિતી પોલીસ સંશોધન વિકાસ બ્યુરોના આઇ જી રેખા લોહાનીએ આપી હતી.

---

- રીપીટ

# SAHKAR SAPTAH

દેશભરમાં ૧૪ થી ૨૦ નવેમ્બર દરમિયાન 'રાષ્ટ્રીય સહકાર સપ્તાહ' ઉજવાઈ રહ્યું છે, ત્યારે સહકારી પ્રવૃત્તિઓનો દેશના અને રાજ્યના વિકાસમાં ખૂબ મહત્વનો ફાળો રહ્યો છે. તેમાં પણ ગુજરાતનાં સહકાર મોડલની સમગ્ર દેશમાં આગવી નોંધ લેવામાં આવે છે. રાજ્યમાં કેન્દ્ર-રાજ્ય સરકાર દ્વારા ૪૮ લાખથી વધુ ખેડૂતોને કુલ ૩ હજાર ૫૬ કરોડથી વધુ રૂપિયાની વ્યાજ સહાય ચૂકવવામાં આવી છે.

આ ઉપરાંત ૧૯ કરોડ ૩૧ લાખ રૂપિયા અને માછીમારોને ૭૮ લાખ રૂપિયાની વ્યાજ સહાય આપવામાં આવી છે. રાજ્યમાં નાગરિકોને પૂરતું સમયસર અનાજ મળી રહે અને પાક સંગ્રહ ક્ષમતામાં વધારો થાય તે માટે ખેડૂતોને ગોડાઉન બનાવવા ૨૫ ટકા મૂડી સહાય ૫ લાખ રૂપિયાની મર્યાદામાં આપવામાં આવે છે. આ યોજના અંતર્ગત રાજ્ય સરકાર દ્વારા છેલ્લા ત્રણ વર્ષ ૨૦૨૧ થી ૨૦૨૪માં ૫૫૯ ખેડૂતોને ગોડાઉન બનાવવા માટે ૧૫ કરોડ રૂપિયાની સહાય પણ આપવામાં આવી છે.

---

- INFO, HARSHAL PANDYA, SONAL

# BHARUCH ACCIDENT

ભરૂચના જંબુસરમાં ગંભીર માર્ગ અકસ્માતમાં 5 લોકોના મોત થયા છે. જંબુસરના માગણદ નજીક ઉભેલી કાર પાછળ ઇકો કાર અથડાતા આ અક્સમાત સર્જાયો હતો. દરમિયાન પાંચ લોકોને ઘટના સ્થળે જ મોત નિપજ્યા હતા. જ્યારે કારમાં સવાર અન્યોને વધુ સારવાર માટે વડોદરા ખસેડાયા હતા.

---

- પીટીસી વલસાડ - સુનિતા

NAVIN

# Patan – Medical College

પાટણ ધારપુર હોસ્પિટલ રેગીંગ મામલે ૧૫ વિદ્યાર્થીઓને સસ્પેન્ડ કરાયા છે.

આ કોલેજમાં પ્રથમ વર્ષ MBBS ના વિદ્યાર્થીના મોત બાદ પોલીસ અને મેડીકલ કોલેજ દ્વારા તપાસ કરતા આ ઘટના રેગીંગની ઘટના હોવાનું જાણવા મળ્યું છે. કોલેજના ડીન હાર્દિક શાહે આ મામલે ૧૫ વિદ્યાર્થીઓને સસ્પેન્ડ કર્યા હોવાનું જણાવ્યું હતું.

---

- રીપીટ

# ARVALLI CHILD MARRIGE

અરવલ્લી જિલ્લામાં બાળલગ્નો અટકાવવા માટે બાળસુરક્ષા વિભાગે વિવિધ ટુકડીઓ બનાવી છે. આ ટુકડીઓ વિવિધ તાલુકાઓમાં યોજાનારા લગ્ન સમારોહમાં તપાસ કરશે. જે જગ્યાએ બાળ લગ્નો થતાં હશે ત્યાં કાર્યવાહી કરશે.

બાળ સુરક્ષા વિભાગ દ્વારા ચાલુ વર્ષે 12 જેટલા બાળ લગ્નો પણ અટકાવવામાં આવ્યા છે. અરવલ્લી જીલ્લાના બાળ સુરક્ષા અધિકારી ડૉ. દીલિપસિંહ બિહોલાએ આ અંગે વધુમાં જણાવ્યું.

બાઈટ : ડૉ. દીલિપસિંહ બિહોલા, બાળ સુરક્ષા અધિકારી, અરવલ્લી

---

- NDMS

રિદ્ધિ, NAVIN

# KUTCH EARTHQUAKE

પૂર્વ કચ્છમાં ગઈકાલે મોડી રાતે ભૂકંપનો 4.0ની તીવ્રતાનો આંચકો અનુભવાયો હતો. ગાંધીનગર સ્થિત ભૂસ્તર વિભાગના જણાવ્યા અનુસાર આ ભૂકંપનો આંચકો રાપરથી પશ્ચિમ દક્ષિણ દિશામાં 26 કિલોમીટરના અંતરે વાગડ વિસ્તારમાં નોંધાયો હતો.

રાતે 8 વાગીને 18 મિનિટે નોંધાયેલા ભૂકંપના આંચકાની તીવ્રતા વધુ હોવાને કારણે વાગડ પંથકના ગામોમાં લોકો ઘરની બહાર દોડી આવ્યા હતા.

---------------------------------------------------------------------

- પીટીસી કચ્છ – સુનિતા

NAVIN

# MID BREAK- NEWS-REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ - વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો.

આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો.

વધુ સમાચાર માટે આપ અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડર સ્કોર ABAD ને ફોલો કરી શકો છો..

.......................................

# DANG NASHA MUKAT PETROLING

ડાંગ જિલ્લાના કલેક્ટર તેમજ પોલીસ વિભાગ દ્વારા યુવાનોમાં નશાનું વ્યસન ડામવા માટે કામગીરી હાથ ધરવામાં આવી છે. પોલીસ અધિક્ષક યક્ષપાલ જગાડીયા તેમજ પોલીસ સ્ટાફ સાથે પેટ્રોલિંગ કરીને નશો કરતાં 15 વિદ્યાર્થીને શોધી કાઢી આ યુવનોના વાલીઓ સાથે નાયબ પોલીસ અધિક્ષક S. G. પાટિલ એ સામૂહિક કાઉન્સિલ કરીને યુવાનો નશાથી દૂર રહે તે માટે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

## બાઈટ DYSP S G પાટિલ

---

- DD NEWS

રિદ્ધિ, NAVIN

# RAILWAY

પશ્ચિમ રેલવેના અમદાવાદ ડિવિઝનના વટવા – ગેરતપુર ભાગમાં બ્રિજનું સમારકામ ચાલતુ હોઈ, 20 નવેમ્બરના રોજ ઉપડનારી જામનગર – વડોદરા ઇન્ટરસિટી એક્સપ્રેસ રદ્દ કરવામાં આવી છે. ટ્રેન વિશેની વધુ માહિતી આપ www.enquiry.indianrail.gov.in પરથી મેળવી શકાશો.

-----------------------------------------------------------------------

- પીટીસી રાજકોટ – સુનિતા, NAVIN

# RAJKOT ST BUS

ગિરનાર પર્વતની લીલી પરિક્રમા તાજેતરમાં જ પૂરી થઈ છે. રાજકોટ એસ.ટી વિભાગ દ્વારા યાત્રાળુઓને જૂનાગઢ જવા માટે કોઈ તકલીફ ન પડે તેના માટે રેગ્યુલરની સાથે 50 એકસ્ટ્રા બસની વ્યવસ્થા ગોઠવવામાં આવી હતી. આ અંગે રાજકોટ એસટી વિભાગના નિયામક જે.બી. કલોતરા વધુ માહિતી આપી રહ્યા છે.

BYT J B KALOTRA

---------------------------------------------------------------------

- NDMS, હિંદુસ્તાન સમાચાર

રિદ્ધિ, NAVIN

# Audit week RAJKOT

રાજકોટની એકાઉન્ટન્ટ જનરલ કચેરી ખાતે ઓડિટ સપ્તાહ ઉજવણીનો પ્રારંભ કરવામાં આવી રહ્યો છે. સામાન્ય લોકો ઓડીટ કામગીરી અંગે જાગૃત બને તે માટે ગઈકાલથી 22 નવેમ્બર સુધી આ 'ઓડિટ સપ્તાહ'ની ઉજવણી કરવામાં આવી રહી છે. ગઈકાલે ૪૦૦થી વધુ કર્મચારીઓએ જિલ્લા પંચાયત ચોકથી કિશાનપરા ચોક સુધીના વિસ્તારને સ્વચ્છ અને સુઘડ બનાવી "સ્વચ્છતા રેલી"નું આયોજન કર્યું હતું અને ઓડીટ શપથ ગ્રહણ કર્યા હતા.

આ ઓડીટ સપ્તાહની ઉજવણી અન્વયે ઓડીટ શપથ, સ્વચ્છતા કાર્યક્રમ અંગે વર્કશોપ, ઓડીટ વોક, નિબંધ સ્પર્ધા, ચિત્ર સ્પર્ધા, સ્લોગન સ્પર્ધા, રંગોળી સ્પર્ધા સહિતની સ્પર્ધાના માધ્યમથી લોકોમાં ઓડીટનું મહત્વ સમજાવવામાં આવશે.

-------------------------------------------------------------------

- રાજકોટ- પીટીસી- રિધ્ધિ, NAVIN

# Farmer Registry

આધાર આઈડીની જેમ ખેડૂતોને ફાર્મર આઈડી મળશે જેને લઇ સાબરકાંઠાના તમામ ખેડૂતોને 25 નવેમ્બર પહેલા ફાર્મર રજીસ્ટ્રી પોર્ટલ પર નોંધણી કરાવવી ફરજીયાત હોવાનું ખેતીવાડી વિભાગે જણાવ્યું છે.

ઉલ્લેખનીય છે કે રાજ્યમાં 15 ઓક્ટોબરથી ખેડૂત નોંધણી શરૂ કરવામાં આવી છે. ભારત સરકારે પીએમ કિસાનના આગામી ડિસેમ્બરના હપ્તા માટે ખેડૂત આઈડીની નોંધણી ફરજિયાત કરી છે. જેમાં 25 નવેમ્બર પહેલા પીએમ કિસાન યોજનાના લાભાર્થીએ નોંધણી કરાવવાની રહેશે. વેબ પોર્ટલથી દરેક ગ્રામ પંચાયત કચેરીમાં આ નોંધણી થશે. આ સાથે ખેડૂત જાતે પણ નોંધણી કરી શકશે.

---------------------------------------------------------------------

- હિન્દુસ્થાન સમાચાર

રિદ્ધિ, NAVIN

# SURENDRANAGAR PAKISTAN CITIZEN

સુરેન્દ્રનગરમાં સ્થાયી થયેલા 4 નાગરિકોને ગઈકાલે ભારતીય નાગરકતા પ્રમાણપત્રો એનાયાત કરાયા. જિલ્લા કલેક્ટર કચેરી ખાતે નાયબ દંડક જગદીશ મકવાણા, જિલ્લા કલેક્ટર કે. સી, સંપત સહિતના અગેવાનોની હાજરીમાં ભારતીય નાગરિકતા અધિનિયમ 1955 અંતર્ગત આ નાગરિકોને ભારતની નાગરિકતા આપાવમાં આવી.

-----------------------------------------------------------------------

- પીટીસી સુરેન્દ્રનગર – સુનિતા

NAVIN

# ARMY Exercise

ભારતીય સેનાએ બહુ-પક્ષીય વાર્ષિક સંયુક્ત માનવીય સહાય અને આપત્તિ રાહત કવાયતનું સફળતાપૂર્વક ઉદ્ઘાટન કર્યું હતું.

ગઈકાલથી શરૂ થયેલા અમદાવાદ ખાતેના 'સંયુક્ત વિમોચન 2024'. ઉદ્ઘાટન કાર્યક્રમમાં વિવિધ એજન્સીઓ વચ્ચે સંકલન સાધીને આપત્તિને પહોંચી વળવાની તૈયારીના હેતુથી કવાયતની શરૂઆત કરવામાં આવી હતી.

આ કાર્યક્રમમાં 'ગુજરાતના દરિયાકાંઠાના પ્રદેશમાં ચક્રવાત' ની થીમ પર ધ્યાન કેન્દ્રિત કરતી ઓખા-પોરબંદર દરિયાકિનારા પરની અસરોની ટેબલ ટોપ એક્સરસાઇઝ દર્શાવવામાં આવી હતી.

'સંયુક્ત વિમોચન 2024'માં ક્ષમતા પ્રદર્શન અને ઔદ્યોગિક પ્રદર્શન પણ હશે જે આજે પોરબંદર ખાતે યોજાશે.

-------------------------------------------------------------------

- **INFO, HARSHAL PANDYA, SONAL**

## amatotsav at children research University

ઓલિમ્પિક માટે ગુજરાતમાંથી ખેલાડીઓ તૈયાર કરવા ચિલ્ડ્રન્સ રિસર્ચ યુનિવર્સિટી દ્વારા 30 નવેમ્બરથી 2 ડિસેમ્બર સુધી અમદાવાદના સાયન્સ સિટી ખાતે અનોખો રમતોત્સવસ યોજવામાં આવશે. બાળકોને રમતગમત ક્ષેત્રે તૈયાર કરવા અને ભવિષ્યમાં ઓલમ્પિક ક્ષેત્રે ભારતનું પ્રતિનિધિત્વ વધારવા જુદી-જુદી ત્રણ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં 15 હજારથી વધારે બાળકો ભાગ લેશે. એક રમતસ્પર્ધા એ ગાંધીનગર શહેર પૂરતી મર્યાદિત છે. બાકીની બે સ્પર્ધાઓ સમગ્ર ગુજરાત કક્ષાએ યોજાશે.

25 વર્ષની વય સુધીની કોઈ પણ વ્યક્તિ આ સ્પર્ધામાં ભાગ લઈ શકશે. આ સ્પર્ધામાં રજિસ્ટ્રેશન કરવાની અંતિમ તારીખ 21 નવેમ્બર છે. ઉલ્લેખનીય છે કે આ વર્ષે આવી જ સ્પર્ધા વડોદરાના માંજલપુર ખાતે ફેબ્રુઆરી મહિનામાં યોજાશે.

---

- હિન્દુસ્થાન સમાચાર - રિધ્ધિ
NAVIN